ONLY FOR EDUCATIONAL PURPOSE AND PRIVATE CIRCULATION



# દીવાદાંડી



વર્ષ : ૩
વર્ષ અંક : ૯
સળંગ અંક : ૨૧
ડિસેમ્બર : ૨૦૧૨

લવાજમ વિનાનું નિયતકાલીન માસિક

**સંપાદક**
મનીષ સુથાર
મદદનીશ શિક્ષક
શ્રી સમાદરા પ્રા.શાળા
તા.જિ:ખેડા
પિન.૩૮૭૧૨૦



‘શ્રીનિવાસ રામાનુજન’
( ૧૮૮૭ –૧૯૨૦ )

**આ અંકના સૌજન્યદાતા**
શ્રી વિજયકુમાર ત્રિવેદી
મુખ્ય શિક્ષક,
બ્રાન્ચ પ્રાથમિક શાળા નં.૧૧,
સાવરકુંડલા, જિ : અમરેલી.
પીન.૩૬૪ ૫૧૫
મો.9429076796

## ૦ સાંકળિયું ૦


(૧) મારી વાત......................૨

(૨) આટલો સંદેશો.................૩

(૩) શૈક્ષણિક વેબસાઈટસ..........૫

(૪) સ્વામી વિવેકાનંદ વિશે.........૯

(૪)આ માસના મહાનુભવો.......૧૦

(૫) મહત્વના દિવસો............૧૧

(૬) શ્રીનિવાસ રામાનુજન........૧૨


## ૦ શિક્ષકોને/વાચકોને ૦

૦ પ્રાથમિક શિક્ષકોને ઉપયોગી,પ્રેરણાદાયી બને તેવા મૌલિક,અનુભવજન્ય,અભ્યાસપૂર્ણ ટૂંકા લેખો,માહીતિ, સમાચાર કે વિશેષતા આવકાર્ય છે.

૦ અસ્વિકૃત લેખો કે કૃતિઓ પરત મોકલવામાં આવતી નથી.

૦ જે તે લેખ કે વિચારો અંગેની જવાબદારી જે તે લેખકની રહેશે.

૦ જે તે લેખકના લેખો,વિચારો સાથે સંપાદક કે સલાહકાર મંડળ સંમત છે તેમ માનવું નહી.

૦ આ સામયિક શૈક્ષણિક હેતુ માટે જ છે.

૦ આપના પ્રતિભાવો અને સૂચનો હંમેશા આવકાર્ય રહેશે.

## ૦ મારી વાત ૦

● **મનીષ સુથાર**

સુજ્ઞ સારસ્વત મિત્રો,

સાદર વંદન.સૌને નવા વર્ષના નૂતનવર્ષાભિનંદન અને નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ સાથે ખૂબ ખૂબ શુભેચ્છાઓ. 'દીવાદાંડી'ના ડીસેમ્બર : ૨૦૧૨ના અંકના માધ્યમથી આપ સૌને મળતાં હર્ષની લાગણી અનુભવું છું.

દિવાળી એટલે પ્રકાશનું પર્વ.દિવાળી દીવો પ્રગટાવવાનું અને પ્રેમનો પ્રકાશ પાથરવાનું પર્વ.ઉષ્માભરી ચેતનાનો સિંચન કરતો આ ઉત્સવ આપણા અરમાનો અને આકાંક્ષાઓને સાકાર કરવામાં પુનિત પથદર્શક બની રહે તેવી મારી અભ્યર્થના..!

નવું વર્ષ એટલે નવું જીવન,નવાં સ્વપ્નો,નવી ઊર્મિ,નવા ઉમંગોને સાકાર કરવાની નવી ઘડી.દિવાળી અને નવું વર્ષ આપના જીવનને વધુ ઉજજવળ બનાવે તેવી શુભકામના..! નવી આશાઓ અને દિશા સાથે આરંભાઈ રહેલું નૂતન વર્ષ સૌના જીવનમાં વિકાસની નવી કેડી કંડારનારું યશસ્વી વર્ષ બની રહે તેવી ભગવાનને પ્રાર્થના...

આપના તરફથી શિક્ષકોને સીધું ઉપયોગી શૈક્ષણિક સાહિત્ય મળશે તો ગમશે.અંતે આપ સૌનો ખૂબ સારો પ્રતિસાદ સાંપડી રહયો છે.એ માટે આપનો આભારી છું.

**મા તુજે સલામ**

# ૦ આટલો સંદેશો ૦

## ચલો, દિલને પણ થોડુંક સાફ કરી જ લઈએ !

**સંકળાઈને પથ્થરમાંથી પાસ થઈ જા,વ્યકિતત્વ ભલે ના રહે ઓજસ થઈ જા,**
**માની લીધું સંસાર છે સાગર જેવો,ખારાશ વધે હૃદયથી તો સબરસ થઈ જા.**

**– નૂરી**

દરેક માણસનો પોતીકો સ્વભાવ હોવાનો અને એ ઓલવેઝ બીજા માણસથી અલગ હોવાનો.માણસની સૌથી મોટી ખૂબી એ જ છે કે બે વ્યકિત કયારેય સરખી હોતી નથી.ચહેરો કદાચ થોડોક મળતો આવે,પણ ચાલ ચલગત કયારેય સેમ ટુ સેમ નહીં હોવાની.આપણે બધા કોઈ એક બીબાની કાર્બન કોપી નથી.દરેકની પોતાની પર્સનાલિટી છે.મગજનું માપ અને વજન કદાચ એક હોઈ શકે,પણ વિચારોનો આકાર અને કદ જુદાં હોય છે.સહજીવન એ બીજું કંઈ જ નથી,પણ 'આર્ટ ઓફ એડજસ્ટમેન્ટ' છે.આપણા સુખનો ઘણો મોટો આધાર આપણે આ કલા કેટલી હસ્તગત કરી છે તેના ઉપર છે.તમે કોઈને સહન ન કરી શકો તો તમને પણ કોઈ સહન કરી શકશે નહીં.બાંધછોડ વગર કયાંય બંધાઈ શકાતું નથી.

જિંદગી એ જીવન સાથેનું ચુંબન છે અને ક્ષણો સાથેનું આલિંગન છે.મોઢું મચકોડીને તમે જિંદગીને ચુંબન કરશો તો જિંદગી પણ તમારી સાથે મોઢું મચકોડશે.એક માણસ હતો.દેખાવે ખૂબ સુંદર.અરીસા સામે જયારે ઊભો રહે ત્યારે તેને થતું કે હું સુંદર છું,હેન્ડસમ છું.એ માણસને એકિસડન્ટ થયો.ચહેરો થોડો બગડી ગયો.એ અરીસા સામે હવે ઊભો રહેતો ત્યારે તેને થતું કે હું સુંદર નથી,હું કદરૂપો છું.એક વખત એક સંતને તે મળ્યો.સંતને કહ્યું હું સુંદર હતો,પણ હવે હું કદરૂપો છું.સંતે હસીને કહ્યું એમ,તું એમ જ માને છે ? તું એમ કેમ નથી માનતો કે તું તું જ છે.અગાઉ પણ તું જ હતો અને અત્યારે પણ તું જ છે.તું કદરૂપો હોત અને પછી સુંદર હોત તો પણ તું તું જ હોત.આપણી માન્યતાઓ આપણે જ ઘડતા હોઈએ છીએ.બાકી આપણે આપણને જેવા સમજીએ એવા જ આપણે હોઈએ છીએ.જિંદગીનું પણ એવું જ છે.તમે માનો તો જિંદગી સુંદર છે અને તમે માનો તો જિંદગી કદરૂપી.પણ એકાદ નાના અમથા અકસ્માતથી તમારી માન્યતા ન બદલો.

માણસ વિશેની એક માન્યતા એવી છે કે માણસ એટલે તેનો સમય અને તેના સંજોગ.માણસ હંમેશા પોતાના સમય અને સંજોગ મુજબ વર્તન કરે છે.કોઈ ખરાબ વર્તન કરે ત્યારે આપણે કહીએ છીએ કે હમણાં તેનો સમય ખરાબ છે.અલબત,કેટલાક લોકો

સમય અને સંજોગોને આધીન નથી હોતા,તેઓ માત્ર પોતાને આધીન હોય છે.સમય ભલે ને બદલાયો,સંજોગો ભલે ને હવે પહેલાં જેવા નથી,પણ હું તો એનો એ જ છુંને ? હું શા માટે બદલાઉ ?

વર્ષ પુંરું થાય એટલે હંમેશા આપણે સરવાળા–બાદબાકી અને હિસાબકિતાબ કરતા હોઈએ છીએ.નફામાં રહ્યા કે ખોટમાં એની ગણતરી માંડીએ છીએ.તમારું ગયું વર્ષ કેવું ગયું ? આ વર્ષમાં તમે કેવું જીવ્યા ? તમારી લાઈફ પ્લસ થઈ કે માઈનસ ? સરવાળે જે બચ્યું છે તે આનંદ છે કે અફસોસ ? શાંતિ છે કે સન્નાટો ? સુખ છે કે સધિયારો ? જિંદગીની મજા જ એ છે કે તે વારંવાર તક આપે છે.ગયું વર્ષ સરખું નથી જીવ્યા ? કંઈ વાંધો નહીં.આવતા વર્ષે દોઢું કે બમણું જીવી લેજો,પણ એ માટે તમારી તૈયારી છે ? જિંદગી ખોવાઈ ગઈ હોય તો એને શોધી લો.માણસ બધું જ યાદ રાખે છે,માત્ર જીવવાનું ભૂલી જાય છે.સમયની સાથે એ વહીને એટલો બધો દૂર ચાલ્યો જાય છે કે એને ખબર જ નથી પડતી કે એ કયાં પહોંચી ગયો.એને એ પણ વિચારવાનો સમય નથી હોતો કે તેને કયાં પહોંચવું હતું.તમને ખબર છે કે તમારે કયાં પહોંચવું હતું ? અને હવે કયાં પહોંચવું છે ? જો તમને ખબર હોય તો તમે એ પણ વિચારી લો કે તમે જે રસ્તે છો એ રસ્તો તમારે જયાં પહોંચવું છે ત્યાં જ જાય છે ને ? ખોટો રસ્તો પકડાઈ ગયો હોય તો રસ્તો બદલી નાખો.માણસે જો બદલવું હોય તો કયારેય મોડું થયું હોતું નથી.

દિવાળીના તહેવાર સાથે સફાઈનો મહિમા છે.આપણે ઘર,ધંધા–વ્યવસાયના સ્થળની સફાઈ કરીએ છીએ.એવી માન્યતા છે કે તેનાથી બરકત આવે છે.બરકત માત્ર આર્થિક નથી હોતી,આત્મિક પણ હોય છે.બધું સાફ કરવાની સાથે આપણે દિલને સાફ કરીએ છીએ ખરા ? દિલ પર રોજ થોડા થોડા થર જામતા રહે છે.મનને હળવું ન રાખીએ તો મન પણ મલિન બની જાય છે.ગયા વર્ષમાં બંધાઈ ગયેલી ગાંઠો છોડવાનો આ અવસર છે.

નવી શરૂઆત માટે જરૂરી છે કે જૂનું ભૂલી જઈએ.એક મિત્ર સાથે આ વિશે વાત થતી હતી ત્યારે તેણે કહ્યું કે પાટી થોડી છે કે ભૂંસી નાખીએ ? હા,પાટી નથી પણ એટલું તો ચોક્કસ છે કે જયાં સુધી જૂનું ભૂંસી ન નાખીએ ત્યાં સુધી નવું લખી કે રચી શકાતું નથી.જે ગયું તે ગયું તેને પકડી રાખવાથી બંધન સિવાય કંઈ જ મળતું નથી.આ વર્ષે તમારે કોઈ એક વ્યકિતને માફ કરવાની હોય તો તમે કોને કરો ? એ જ વ્યકિતનું નામ સામે આવશે,જેણે તમારું દિલ દુભાવ્યું હશે.બસ એને માફ કરી દો,હળવાશ આપોઆપ લાગશે.

દિલના ખૂણાઓને સાફ કરી દો,રોશની તો ત્યાં છે જ.હળવાશ જ જિંદગીને જીવવા જેવી બનાવે છે.આપણે દિલ પર જેટલું વજન નાખતા રહેશું એટલું ને એટલું તે ભારે થતું રહેશે.હાથમાં કે માથે વજન હોય તો ધાર્યું ચાલી શકાતું નથી.એવું જ દિલ પર વજન હોય તો જીવી શકાતું નથી.

સૂર્ય ઊગે ત્યારે શાંત હોય છે.સૂર્યનાં પહેલાં કિરણો કોમળ હોય છે.તેનું કારણ કદાચ એ જ હોય છે કે અંધકાર હટાવીને આવે છે.અંધકાર હટે એટલે ઓટોમેટિક કોમળતા આવે છે.ઝાકળનાં બિંદુઓ પણ સવારે જ પ્રગટે છે.બપોરે જે દેખાય છે એ તો મૃગજળ હોય છે.નવા વર્ષની શરૂઆત નવા વિચારો,નવી કલ્પનાઓ અને નવાં સપનાઓ લાવે એવી ઈચ્છા હોય તો દિલનો ભાર થોડો હળવો કરી દો.જિંદગી બદલાતાં એક ક્ષણ લાગે છે,બસ એવી એક ક્ષણ કે જયારે આપણે નક્કી કરવાનું હોય છે કે કોઈ દુશ્મન નથી,કોઈ ગુસ્સો નથી,કોઈ નારાજગી નથી,કોઈ ઉદાસી નથી,કોઈ જ રોષ નથી અને કોઈનો દોષ નથી.જિંદગી બહુ સુંદર છે,સાત્વિક છે,સરળ છે,સહજ છે.બસ જિંદગીને હળવી રાખવાની ફાવટ હોવી જોઈએ.વર્ષ જાય છે અને સાથે વિદાય કરવા જેવું ઘણું બધું હોય છે.દિલ પર નજર નાખી અને થોડુંક ખંખેરી નાખો,બધું જ હળવું લાગશે.

**છેલ્લો સીન :**

રોજ એકાદ માનવીને સુખી કરજો જ,પછી ભલે એ તમે પોતે જ હોવ.

**— સ્ટેનડ હોલ.**

( સંદેશ વર્તમાનપત્રની સંસ્કારપૂર્તિમાંથી સાભાર...'ચિંતનની પળે' કોલમ,લેખક : કૃષ્ણકાન્ત ઉનડકટ )

---

# ० કેટલીક ઉપયોગી શૈક્ષણિક વેબસાઈટસ્

## • ગુજરાતી પુસ્તકો / સાહિત્ય માટેની વેબસાઈટસ્ :

- ✓ http://aksharnaad.com
- ✓ http:/anand-ashram.com
- ✓ http://bhajanamrutwani.wordpress.com
- ✓ http://books.dadabhagwan.in
- ✓ http://www.dawateislami.net
- ✓ http://gadyasoor.wordpress.com
- ✓ http://gadyasoor.wordpress.com
- ✓ http://www.atmadharma.com

- ✓ http://gujaratinformation.net
- ✓ http://www.jainlibrary.org
- ✓ http://www.mavjibhai.com
- ✓ http://panchayat.gujarat.gov.in
- ✓ http://pustakalay.com
- ✓ http://www.readgujarati.com
- ✓ http://rushichintan.com
- ✓ http://swargarohan.org
- ✓ http://vicharvalonu.com

## • ગુજરાતી ગીત / કાવ્ય / સાહિત્ય માટેની વેબસાઈટસ્ :

- ✓ http://rankaar.com
- ✓ http://tahuko.com
- ✓ http://urmisaagar.com
- ✓ http://readgujarati.com
- ✓ http://mitixa.com
- ✓ http://preetnageet.blogspot.com
- ✓ http://vinelamoti.com
- ✓ http://samnvay.net
- ✓ http://haiyanivatoo.com
- ✓ http://krutesh.info
- ✓ http://mavjibhai.com
- ✓ http://jhaverchandmeghani.com
- ✓ http://musicdhaba.com
- ✓ http://jitugozaria.blogspot.in

**'દીવાદાંડી' હવે ઈન્ટરનેટ પર ઓનલાઈન પણ ઉપલબ્ધ**

'દીવાદાંડી' હવે ઈન્ટરનેટ પર ઓનલાઈન નીચેની શૈક્ષણિક વેબસાઈટ પર ઉપલબ્ધ બન્યું છે.

**www.edusafar.com**

આ સાઈટ પરથી 'દીવાદાંડી' ડાઉનલોડ પણ કરી શકાય છે.'દીવાદાંડી'ને બહોળા સમુદાય સુધી પહોંચાડવામાં યશભાગી બનનાર 'એજ્યુસફર' ટીમનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

## • હિન્દી પુસ્તકો /ગીત / કાવ્ય / સાહિત્ય માટેની વેબસાઈટસ્ :

- ✓ http://www.arvindguptatoys.com
- ✓ http://www.vigyanprasar.gov.in
- ✓ http://ncertbooks.prashanthellina.com
- ✓ http://cbse.nic.in

- ✓ www.golwalkarguruji.org
- ✓ http://www.bhagavad-gita.org
- ✓ http://www.nareshagarwala.com
- ✓ http://hindibooks.dadabhagwan.org
- ✓ http://downloads.awgp.org
- ✓ http://pustak.org
- ✓ http://bhaktibooks.info
- ✓ http://techshali.com
- ✓ http://hinduebooks.blogspot.com
- ✓ http://www.aryasamajjamnagar.org
- ✓ http://www.messagefrommasters.com
- ✓ http://www.educationportal.mp.gov.in
- ✓ http://www.rajasthanschools.com
- ✓ http://sureshlibrarian.wordpress.com
- ✓ http://www.purebhakti.com

## • અંગ્રેજી પુસ્તકો /ગીત / કાવ્ય / સાહિત્ય માટેની વેબસાઈટસ્ :

- ✓ http://www.getfreeebooks.com
- ✓ http://www.gutenberg.org
- ✓ http://www.classicbookshelf.com
- ✓ http://www.infibeam.com
- ✓ http://www.baen.com
- ✓ http://vedabase.com
- ✓ http://www.holybooks.com
- ✓ http://shakespeare.mit.edu
- ✓ http://ebooksgo.org
- ✓ http://www.free-ebooks.net
- ✓ http://bookboon.com
- ✓ http://www.dadabhagwan.org

- **શૈક્ષણિક સંદર્ભ સાહિત્ય માટેના બ્લોગ્સ / વેબસાઈટસ્ :**
  - ✓ www.edusafar.com
  - ✓ www.abhyaskram.com
  - ✓ www.ptubhavnagar.net
  - ✓ www.shalashetu.co.in
  - ✓ www.evidhyalay.org
  - ✓ http://socialcm.wordpress.com
  - ✓ http://okanha.wordpress.com
  - ✓ http://tourgujarat.wordpress.com
  - ✓ http://mspatel09.blogspot.in
  - ✓ http://sharadmakwana.blogspot.in
  - ✓ http://psuchchad.blogspot.in
  - ✓ http://panasada.blogspot.in
  - ✓ http://parmarkishor.blogspot.in
  - ✓ http://nmkamboya.blogspot.in
  - ✓ http://abhyashkram.blogspot.in
  - ✓ http://ravindrasarvaiya.blogspot.in
  - ✓ http://jivantshixan.blogspot.in
  - ✓ http://bgmahant.blogspot.in
  - ✓ http://patan.wapka.mobi
  - ✓ http://hashmukhbpatel.blogspot.in
  - ✓ http://patelsatish.blogspot.in
  - ✓ http://abhyashkram.blogspot.in
  - ✓ http://shikshansarovar.wordpress.in
  - ✓ http://patan.wapka.mobi
  - ✓ http://hashmukhbpatel.blogspot.in
  - ✓ http://patelsatish.blogspot.in
  - ✓ http://abhyashkram.blogspot.in
  - ✓ http://shikshansarovar.wordpress.in

# ૦ સ્વામી વિવેકાનંદ વિશે જાણો કે સાહિત્ય મેળવો ૦

હાલ સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતીનું વર્ષ ઉજવાઈ રહેલ છે.ત્યારે સ્વામીજીના જીવનકવન વિશે જાણવા અને તેમના વિશેનું સાહિત્ય મેળવવા નીચેની માહિતી આપને ઉપયોગી બનશે.



**શ્રી રામકૃષ્ણ આશ્રમ ,**
**ડો.યાજ્ઞિક રોડ,**
**રાજકોટ,**
**પીન.૩૬૦ ૦૦૧. (ગુજરાત)ભારત.**
**ફોન નંબર : 0281 / 2465200 , 2463000**
**E-mail : rkmrajkot@gmail.com**
**www.rkmrajkot.org**

**વિવેકાનંદ કેન્દ્ર કન્યાકુમારી ,**
**ગુજરાતી પ્રકાશન વિભાગ–વડોદરા,**
**૯,આરામ એપાર્ટમેન્ટ,**
**૧૨,સંપતરાવ કોલોની,**
**અલકાપુરી,વડોદરા.**
**વડોદરા – ૩૯૦ ૦૦૭**
**E-mail : vkgpv@vkendra.org**
**www.vkendra.org**

પવિત્રતા,ધૈર્ય અને ખંત બધાં વિઘ્નોને જીતી લે છે.નિરંતર પવિત્ર વિચારો કરતા રહો.ખરાબ સંસ્કારોને દબાવવાનો એકમાત્ર ઉપાય એ જ છે.પવિત્રતા એ સૌથી મોટી શકિત છે.તમામ વસ્તુઓ એનાથી ડરે છે. – **સ્વામી વિવેકાનંદ**

# ૦ આ માસના મહાનુભવો ૦

| મહાનુભવ | ક્ષેત્ર | જન્મ | અવસાન |
|---|---|---|---|
| કાકાસાહેબ કાલેલકર | સાહિત્ય | 01.12.1885 | 21.08.1981 |
| વિઠ્ઠલ લક્ષ્મણ ફડકે | સેવા / કેળવણી | 02.12.1887 | - |
| ડૉ.રાજેન્દ્ર પ્રસાદ | સ્વાતંત્ર્ય ચળવળ / સેવા | 03.12.1884 | 28.02.1963 |
| વૉલ્ટ ડિઝની | કટાક્ષ કાર્ટૂનિસ્ટ | 04.12.1901 | 1967 |
| એલેકઝાંડર ડૂમા | સાહિત્ય / સેવા | 1802 | 05.12.1970 |
| પંડિત મેકસ મ્યૂલર | સંસ્કૃત સાહિત્ય | 06.12.1823 | 28.10.1900 |
| નાનાસાહેબ પેશ્વા | સ્વાતંત્ર્ય ચળવળ / સેવા | 08.12.1824 | - |
| હસમુખ સાંકળિયા | પુરાતત્વવિદ્ | 10.12.1908 | 1989 |
| ઓશો રજનીશ | આધુનિક તત્વચિંતક | 11.12.1931 | 19.01.1990 |
| ગૌરીશંકર જોશી 'ધૂમકેતુ' | ગુજરાતી સાહિત્ય | 12.12.1892 | 11.03.1865 |
| હાજી મહંમદ | કલા / સાહિત્ય | 13.12.1878 | 22.01.1921 |
| રાજકપૂર | હિન્દી ફિલ્મ અભિનેતા | 14.12.1924 | 03.06.1988 |
| ડૉ.ભાસ્કરરાવ યોધની | તબીબીક્ષેત્ર | 15.12.1898 | 31.10.1991 |
| ડૉ.પટ્ટાભી સીતા કામૈયા | સ્વાતંત્ર્ય ચળવળ | 1880 | 17.12.1959 |
| સર તેજબહાદૂર સપ્રુ | સ્વાતંત્ર્ય ચળવળ | 18.12.1875 | 21.01.1949 |
| કસ્તૂરભાઈ લાલભાઈ | ઉદ્યોગજગત | 19.12.1884 | 20.01.1980 |
| ચૈતન્યપ્રસાદ દિવાનજી | સ્વાતંત્ર્ય ચળવળ | 20.12.1898 | 1970 |
| રીનિવાસ રામાનુજન | ગણિતશિક્ષણ | 22.12.1887 | 26.04.1920 |
| સ્વામી શ્રદ્ધાનંદ | શિક્ષણ / સેવા | 23.12.1857 | 1926 |
| જયભિખ્ખુ | ગુજરાતી સાહિત્ય | 1908 | 24.12.1969 |
| અટલબિહારી બાજપાઈ | સાહિત્ય / રાજકારણ | 25.12.1924 | - |
| બાબા આમટે | સેવા | 26.12.1914 | 2009 |
| કનૈયાલાલ મુનશી | સાહિત્ય | 30.12.1887 | 08.02.1971 |

# ૦ આ માસના મહત્વના દિવસ ૦

| | |
|---|---|
| ૧ ડિસેમ્બર | વિશ્વ એઈડ્સ દિવસ |
| ૨ ડિસેમ્બર | રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિવસ |
| ૩ ડિસેમ્બર | ડો.રાજેન્દ્રપ્રસાદ જન્મદિન / વિશ્વ વિકલાંગ દિન |
| ૪ ડિસેમ્બર | નૌકાદળ દિન |
| ૬ ડિસેમ્બર | ડો.ભીમરાવ આંબેડકર નિર્વાણ દિન / નાગરિક સુરક્ષા દિન |
| ૭ ડિસેમ્બર | ભારતીય શસ્ત્ર સેનાનો ઝંડા દિવસ,ડિસેમ્બરનું પ્રથમ સપ્તાહ નૌકાદળ સપ્તાહ |
| ૮ ડિસેમ્બર | મંદબુદ્ધિનાં બાળકો માટેનો દિન |
| ૯ ડિસેમ્બર | શ્રી રાજગોપાલાચારી જયંતી / બાલિકા દિન |
| ૧૦ ડિસેમ્બર | વિશ્વ માનવાધિકાર દિવસ |
| ૧૧ ડિસેમ્બર | યુનિસેફ દિવસ |
| ૧૪ ડિસેમ્બર | રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસ |
| ૧૫ ડિસેમ્બર | સરદાર પટેલ પુણ્યતિથિ |
| ૧૮ ડિસેમ્બર | રાષ્ટ્રીય અલ્પસંખ્યક અધિકાર દિવસ |
| ૧૯ ડિસેમ્બર | ગોવા મુકિત દિવસ |
| ૨૨ ડિસેમ્બર | શ્રીનિવાસ રામાનુજન જયંતી |
| ૨૩ ડિસેમ્બર | કિસાન દિવસ ( ચૌધરી ચરણસિંહનો જન્મદિન ) |
| ૨૪ ડિસેમ્બર | રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસ |
| ૨૫ ડિસેમ્બર | મદનમોહન માલવિયા જયંતી |
| ૨૭ ડિસેમ્બર | મિર્ઝા ગાલિબ જયંતી |
| ૩૧ ડિસેમ્બર | ઈસુના નવા વર્ષની પૂર્વ સંધ્યા |

**વર્ષ : ૨૦૧૨ રાષ્ટ્રીય ગણિત વર્ષ**

દેશના મહાન ગણિતજ્ઞ શ્રીનિવાસ રામાનુજનની ૧૨૫મી જયંતી વર્ષ છે.જે ૨૨ ડિસેમ્બર ૨૦૧૧થી શરૂ થયેલ છે.તેના ઉપલક્ષ્યમાં ૨૨ ડિસેમ્બરને રાષ્ટ્રીય ગણિત દિવસ તથા વર્ષ : ૨૦૧૨ને રાષ્ટ્રીય ગણિત વર્ષ તરીકે જાહેર કરવામાં આવેલ છે.૨૬ ડિસેમ્બર ૨૦૧૧ના રોજ ચેન્નઈમાં આ જાહેરાત કરતાં રામાનુજનની સ્મૃતિમાં વિશેષ ટપાલ ટિકિટ પણ બહાર પાડવામાં આવી છે.



# ૦ શ્રીનિવાસ રામાનુજન્ ૦

તામિલનાડુના એક નાનકડા ગામમાં એક ગરીબ આયંગર બ્રાહ્મણ કુટુંબમાં માતા કોમલાતમ્મલા અને પિતા કે.શ્રીનિવાસન આયંગરને ત્યાં ૨૨.૧૨.૧૮૮૭ના રોજ દુનિયાભરમાં ખ્યાતનામ ગણિતશાસ્ત્રી તરીકે નામના મેળવનાર શ્રીનિવાસ રામાનુજન્નો જન્મ થયો હતો.

રામાનુજને હાઈસ્કૂલ શિક્ષણ દરમ્યાન ગણિતમાં અનેક પારિતોષિક મેળવી સૌને પ્રભાવિત કર્યા હતા.૧૯૦૩માં તેમણે મેટ્રિકની પરીક્ષા પાસ કરી ત્યારબાદ તેઓ મદ્રાસમાં કારકૂન તરીકે જોડાઈ ગયા.પરંતુ ગણિતમાં પ્રમેયનું સંશોધન ચાલુ જ રહ્યું.પ્રો.હાર્ડી સાથે પત્રવ્યવહારના માધ્યમથી સંપર્કમાં આવ્યા અને તેમણે રામાનેજનને બોલાવ્યા.ત્યાં ૨૫ જેટલાં રિસર્ચ પેપર પ્રકાશિત થયાં.એ સમયથી તેઓ શ્રેષ્ઠ ગણિતજ્ઞ તરીકે ઓળખાવા લાગ્યા.

પ્રો.હાર્ડી સાથે મળીને તેમણે 'વિભાજન સિદ્ધાંત'નો વિકાસ કર્યો હતો.ગણિતની અદભૂત સંખ્યા પાઈ ઉપર તેમણે કામ કર્યું અને તેનાં મૂલ્યો શોધવાનાં સૂત્રો તેમણે બનાવ્યાં હતાં.

૨૬.૦૪.૧૯૨૦ના રોજ તેઓ આ સંસારને હંમેશ માટે છોડી ગયા.


**પત્રવ્યવહાર/પ્રાપ્તિસ્થાન**

**મનીષ સુથાર**
**મદદનીશ શિક્ષક**
**પ્રાથમિક શાળા,સમાદરા.**
**તા.જિ : ખેડા.**
**પિન.૩૮૭૧૨૦**
**મો.૯૦૯૯૧૭૨૧૭૭**
**E-mail:manishsuthar123@gmail.com**


**TO.** **PRINTED METTER**

.......................................................

.......................................................

.......................................................

.......................................................

**PIN.**